## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*'જાતિ'નું ડીએનએ ચૂંટણીમાં ચૂંથાઈ જાય છે,*
*ને મતકારણમાં કટ્ટરતા ગૂંથાઈ જાય છે,*
*ચૂકાઈ જાય છે રાષ્ટ્રધર્મ અને રાષ્ટ્રઐક્ય -*
*સ્વાર્થના લોભે એક પરિવાર જૂથાઈ જાય છે.*

### હાઈકુ

*કટ્ટરતાના*
*કસાઈવાડામાં જ*
*કપાય માથાં*

*માનવધર્મ*
*એક જ ડીએનએ*
*સમજે કોણ ?*

### ચિંતન

**ન સારણીય ધીરેણ રસના નીરસે જને ।**
**કો નામ કુરુતે ફેરૌ નાયકઃ સાયકક્ષતિમ્ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

જે આજ્ઞાંકિત, સમજુ, નમ્ર હોય એમની પાસે જ હૃદયની વાત ઈચ્છા-માગણી સૂચન-સલાહ કે સાહિત્ય રજૂ કરવું બાકી મૌન રાખવું, એવો બોધ અહિં અપાય છે.

'ધીર મનુષ્યએ પોતાની સારપૂર્ણ વાણીનો નિરસ માણસો આગળ વ્યર્થ ન કરવો. એવો કયો વીર પુરુષ બાણાવળી હશે કે જે શિયાળના શિકાર માટે પોતાનાં બાણોનું ભાથું ખુટાડી દે.'

આજકાલના યુવાનો પોતાના મનની જ વાત માનતા હોય છે અને એમણે વિચારેલું જ 'સત્ય' હોય એમાં કોઈ 'વડીલ' ની કંઈ પણ સુધારો-સલાહ આપે તો કાને ધરતાં નથી ઉલ્ટું એને મજાકમાં ગણી અનદેખી કરે છે. આથી જ્યાં આપણું માન-ગૌરવ ન રહે ત્યાં મૌન રહેવું, સાચી સલાહ આપવાનો જમાનો નથી.

એવી જ રીતે સાહિત્યકાર - વિદ્વાન - કવિ, બુદ્ધિમાને પણ અક્કલ વગરના, નિરસ, જક્કી સ્વભાવ વાળા પાસે પોતાના જ્ઞાન કે સાહિત્યની સૂઝનું પ્રદર્શન ન કરવું. હૃદય-લાગણી-વાત્સલ્યના ભાવ એમને સ્પર્શી શકતા નથી એવા શુષ્ક લોકો પાસે મૌન જ રહેવું.

### સુવિચાર

- જીસકી કામયાબી રોકી નહીં જા શકતી, ઉસ કી બદનામી શુરુ કી જાતી હૈ - **જીવન પાથેય**
- એક રાજાએ એક ભક્તને પૂછ્યું કે, 'હું તને ક્યારેય યાદ આવું છું ?'
  તો જવાબ મળ્યો કે 'હા, જયારે હું ઈશ્વરને ભુલી જાઉં છું ત્યારે' - **શેખ સાદી**
- પ્રેમથી ભરેલી આંખો, શ્રદ્ધાથી ઝુકેલું માથું, સહયોગ કરતાં હાથ,
  સન્માર્ગે ચાલતા પગ અને સાચું બોલતી જીભ ઈશ્વરને ખૂબ જ પસંદ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- દુઃખ એક દેવદૂત જ છે પરંતુ તેના મસ્તક પર કાંટાળો તાજ બિરાજમાન છે - **સંત ઓગસ્ટિન**
- આંખોમાં નિર્દોષતા અને હૃદયમાં વિશાળતા પાથરી દો, જીવવાની ખૂબ મજા પડશે - **બોધિવૃક્ષ**
- અંગત સ્વાર્થમાં, સદ્‌ગુણો તો એવા ખોવાઈ જાય છે કે જેમ સમુદ્રમાં નદીઓ - **દાદા ધર્માધિકારી**
- આજનું ઔષધ : બસો ગ્રામ તલના તેલમાં પચાસ ગ્રામ અશેરિયાના પકવીને તે તેલનું માલિશ કરવાથી શરીરનો દુખાવો મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકાના રુબેન ગોન્ઝેલીસ રેકેટબોલની રમતના બેતાજ બાદશાહ. એકવાર એક અતિ મહત્ત્વની મેચમાં રમી રહ્યા હતા. પ્રતિસ્પર્ધીને જોરદાર ટક્કર આપી રહ્યા હતા. વિશ્વભરના તેમના પ્રશંસકોની આ મેચ પર નજર હતી. મેચ તેના નિર્ણાયક તબક્કામાં હતી અને એ વખતે રુબેને એક શોટ માર્યો. મેચના રેફરી અને લાઈનમેન બંનેએ આ શોટને યોગ્ય ગણાયો. અને રુબેનને વિજેતા જાહેર કરવામાં આવ્યા. મેદાન પર હાજર સૌ લોકો તેમને તાળીઓ અને ચીચીયારી કરીને વધાવી રહ્યા હતા. તે સમયે રુબેન સીધા જ પોતાના હરીફ પાસે ગયા અને હરીફને કહ્યું, 'રેફરી ભલે ગમે તે કહે પણ મને ખબર છે કે મારો શૉટ ખોટો હતો હું એ સ્વીકારું છું.' હરીફ તો રુબેનની સામે જ જોઈ રહ્યો. એ જાણતો હતો કે રુબેનની આ કબૂલાતથી મેચનું પાસું પલટાઈ જશે અને રુબેન હારશે અને પોતે આ મોચ જીતી જશે. ખરેખર એમ જ થયું. રુબેનની આ કબૂલાતના આધારે એમના આ શૉટને ખોટો ઠરાવવામાં આવ્યો અને એમને આ મેચમાં હારેલા જાહેર કરવામાં આવ્યા. રુબેનના ચહેરા પર મેચ હારીને પણ આનંદ હતો. જયારે પત્રકારે તેમને પૂછ્યું કે એમને આવું કેમ કર્યું ?? ત્યારે જવાબમાં રુબેને કહ્યું, 'મારા ખમીરને જીવતું રાખવા માટે મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો. લોકોની તાળીઓ અને ચીચીયારીઓના અવાજ કરતા મને મારા અંતરાત્માનો અવાજ વધુ બુલંદ લાગ્યો અને હું એને અનુસર્યો.' પત્રકારને રુબેનની મહાનતાનું રહસ્ય સમજાઈ ગયું.

# ટીમ મોદીમાં ગુજરાતનો દબદબો

**તંત્રીસ્થાનેથી...**

દેશના સૌથી મોટા રાજય ઉત્તરપ્રદેશ જેટલું જ મહત્ત્વ ગુજરાતને આપી કેન્દ્રિય મંત્રીમંડળમાં ગુજરાતનું મહત્ત્વ પ્રસ્થાપિત થયું છે. ગુજરાતના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી પ્રધાનમંત્રી હોય અને ગુજરાતને રાજકીય લાભ આપવાનો હોય તો મોસાળમાં મા પીરસનારી હોય એમ જ ગણાય ને...?! અલબત્ત ઉત્તરપ્રદેશ અને ગુજરાતમાં ૨૦૨૨નું વર્ષ ચૂંટણીનું વર્ષ છે એ પણ સાચું છે અને ચૂંટણીની તૈયારીના ભાગરુપે જ્ઞાતિ અને પ્રદેશના સમીકરણો ગોઠવવામાં પાવરધા પ્રધાનમંત્રીને વ્યુહાત્મક રીતે ગુજરાતનું કદ વધાર્યું છે. પ્રધાનમંત્રી અને ગૃહમંત્રી ગુજરાતના હોવાનું ગૌરવ તો છે ને છે જ... પરંતુ સૌરાષ્ટ્રના બે પાણીદાર પાટીદાર નેતાઓને કેબીનેટ દરજ્જાનું સ્થાન આપી સૌરાષ્ટ્રમાં પટેલોના સળવળાટને ઉગતો જ ડામી દેવાની ચાણક્ય ચાલ સ્પષ્ટ રીતે દેખાય છે. હા...! એ સાચી વાત છે કે બંને પાટીદાર નેતાઓએ રાજકીય અને વહીવટ ક્ષેત્રે કાઠું કાઢ્યું છે પણ તાજેતરની પાટીદારોની બેઠકો અને 'આપ'ના માધ્યમથી થતાં ભાષણોનો જવાબ વિસ્તરણમાં દેખાય છે.

દક્ષિણ ગુજરાત - મધ્યપ્રદેશ અને ઝાલાવાડને બેલેન્સ કરવા ત્રણેય પ્રદેશોમાંથી રાજયકક્ષાનું મંત્રી પદ આપી વિસ્તારોને રાજી-રાજી કર્યા છે. સુરતના મહિલા સાંસદ ને પ્રતિનિધિત્વ આપીને ઉદય પામતા 'આપ' ને આંચકો આપ્યો છે. દર્શનાબેનને મંત્રી પદ આપી 'સાહેબે' એક કાંકરે ત્રણ પક્ષી માર્યા છે...!! દક્ષિણ ગુજરાતનો મહિમા, મૂળ સરતીઓને થતાં અન્યાયની ફરિયાદનું નિવારણ અને ઓબીસી મહિલાને સ્થાન - આમ ત્રણેય વર્ગને ખુશ કરવાનો પ્રશંસનીય પ્રયાસ છે. મધ્ય ગુજરાતના બક્ષીપંચના વર્ચસ્વ ધરાવતા વિસ્તારો કે કોંગ્રેસનો ગઢ છે તે વિસ્તારમાં ખેડાના સાંસદ અને ઓબીસી સમાજના અસરદાર નેતા દેવુસિંહ ચૌહાણને મંત્રીપદ આપીને કોંગ્રેસના નેતાઓને પડકાર આપ્યો છે. જયારે પ્રથમ વખત જ સંસદમાં જીતેલા ઝાલાવાડના જાણીતા કાર્ડીયોલોજીસ્ટ મહેન્દ્ર મુઝપરાને પ્રધાનપદુ આપીને છ જિલ્લામાં પથરાયેલા કોળી મતદારોને રીજવવાનો વ્યુહ દેખાઈ રહ્યો છે...!! ભાજપમાં કોળી આગેવાનો દ્વારા આરંભાયેલો ગણગણાય અને વિપક્ષોના પડકારો વચ્ચે કોળી સમાજમાં નવા નેતૃત્વને ઉભું કરી કોળી સમાજના મતો અંકે કરવાનું કદમ છે. ગાંધીનગરના સાંસદ અને ભાજપના પૂર્વ અધ્યક્ષ અમિત શાહનું કદ આ વિસ્તરણમાં વધારાયું છે. ગૃહમંત્રાલય ઉપરાંત બે દિવસ પહેલાં જ રચાયેલું સહકાર મંત્રાલયનો હવાલો પણ અમિતભાઈને સોંપાતા મંત્રીમંડળમાં તેમનો દબદબો વધ્યો છે. શરદ પવાર સહિતના દેશના અનેક સહકારી નેતાઓને અને સહકારી સંસ્થાઓને નિયંત્રિત કરવાની જવાબદારી ભાજપના ચાણક્ય અમિત શાહને સોંપાઈ છે. વડનગરના પનોતા પુત્ર નરેન્દ્ર મોદી સમગ્ર દેશનું નેતૃત્વ કરી જ રહ્યા છે ત્યારે ટીમ મોદીમાં ગુજરાતનો દબદબો વધ્યો છે. ટીકાકારો ભલે કહે કે આ ચૂંટણીલક્ષી વિસ્તરણ છે પણ જયારે અને જેવી તક મળે ત્યારે પોતાના પ્રદેશને લાભ કરાવવાનું કોઈ ચૂક્યું નથી અને ચૂકશે નહીં...! આ સ્વાભાવિક અને સહજ પરંપરા છે...!!

# સર વિલિયમ જોન્સ

**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

અષાઢને પહેલે દિવસે સર વિલિયમ્સ જોન્સ ઈ.સ. ૧૭૪૬-૧૭૯૪ને યાદ કરવા છે.

૨૫મી સપ્ટેમ્બર ઈ. ૧૯૮૩ ક્રોકોડાઈલ નાના જહાજમાં કલકત્તાના ચંડપાલઘાટમાં તેઓ ઊતર્યા. સાથે એમના પત્ની અન્ના મારિયા હતા. જોન્સ ૩૬ વરસના હતા.



કલકત્તામાં સુપ્રીમ કોર્ટ શરૂ થઈ. વિશ્વભરની આ પ્રથમ કોર્ટ હતી. એના ન્યાયધીશ તરીકે હોદ્દો સંભાળ્યો. ત્યાર પછી ઈ.સ. ૧૭૯૩માં અન્ના પાછા ફર્યા. પછીના એપ્રિલ, ૧૭૯૪માં લીવરની બિમારીને કારણે જોન્સનું અવસાન થયું. બે વરસમાં અન્ના મારિયાના હસ્તલિખિત સામગ્રીને આધારે અન્નાએ ભારતીય સંસ્કૃતિને લગતા છ વોલ્યુમ પ્રકાશિત કર્યાં. અન્ના પોતે ખ્રિસ્તી પાદરીના દીકરી હતા.

સંસ્કૃતમાંથી અંગ્રેજીમાં અનુવાદ થયા હોય, એવા સર્વપ્રથમ આ ત્રણ ગ્રંથો છે :

(૧) ઈ.સ. ૧૭૮૫ - ચાર્લ્સ વિલ્કીન્સનો શ્રીપદ્ ભગવદ્ ગીતાનો અનુભાદ.

(૨) ઈ.સ. ૧૭૮૯ - જોન્સનો અભિજ્ઞાન શાકુન્તલનો અનુવાદ.

(૩) ઈ.સ. ૧૭૯૪ - જોન્સનો મનુસ્મૃતિનો અનુવાદ.

જર્મન કવિ ગોએથેએ શાકુન્તલનો અનુવાદ વાંચ્યો. ઈ.સ. ૧૭૯૧માં એના માટે રાજી થઈને પ્રશસ્તિ કાવ્ય રચી નાખ્યું. તેઓ જોન્સ ઉપર પ્રસન્ન હતા. એમણે કહ્યું, 'આમનામાં દીર્ઘદૃષ્ટિ છે. ભારતીય સંસ્કૃતિની બાબતમાં, તેઓ આપણને અજ્ઞાનના અંધકારમાંથી જ્ઞાનના પ્રકાસ તરફ દોરી જાય છે.'

ઈ.સ.૨૦૧૬માં ન્યૂયોર્કથી પ્રા. સુનીલ ખીવનાણીનું પુસ્તક પ્રકાશિત થયું છે. 'ઈન્ડિયા ઈન ફીફટી લાઈવ્ઝ' આમાં પચાસ જીવન ચરિત્ર આપ્યાં છે. તે ભગવાન બુદ્ધથી શરૂ કરીને, ધીરુભાઈ અંબાણી સુધીનાં છે. આમાં એકવીસમા ક્રમે જોન્સ છે. 'તેઓ ભારતમાં આવ્યા. એમની પાસે સકારાત્મક અને સંવેદનશીલ દૃષ્ટિ હતી. સંસ્કૃત અને ભારતીય સંસ્કૃતિની ઉત્તમ અને ઉત્તમ સામગ્રી પશ્ચિમને આપતા રહ્યા અને પશ્ચિમને પ્રભાવિત કરતા રહ્યા.'

એમના કેટલાય નિષ્કર્ષો હેરાન પમાને છે :

(૧) સંસ્કૃત ભાષા ગ્રીક અને લેટીન કરતાં વધુ વ્યવસ્થિત અને સુશ્લિષ્ઠ છે. ત્રણેયનું સમાન ગોત્ર છે. સંસ્કૃત એ બંનેની 'બ્યુટીફુલ સિસ્ટર' - સુંદર ભગિની છે. ગ્રીક અને લેટીનનું જેટલું સાહિત્ય ઉપલબ્ધ છે. એનાથી હજાર ગણું સંસ્કૃતમાં સચવાયેલું છે.

(૨) સંસ્કૃતમાં નાટકો અને મહાકાવ્યો છે; તે શેકસપિયર અને હોમરથી જરા પણ ઉતરતાં નથી ઉલ્ટુ, મને એવું કહેવાનું મન થાય કે, શેક્સપિયરે કાલિદાસને વાંચ્યા તો નથી ને?

(૩) ભારતમાં ન્યાયપ્રણાલી સંભળાવવાની હોય, તો અહીં બ્રિટનના કાયદા ન ચાલે. એના માટે મનુસ્મૃતિ જ જોઈએ.

અષાઢ સુદ એકમે આ સર વિલિયમ્સ જોન્સ ને પ્રમાણ.

# ગાંધીજી કયા લેખકના વિચારોથી પ્રભાવિત થઈ અહિંસાના પ્રબળ સમર્થક બન્યા?

**ખજાનો**

અનિલ પટેલ

## ભારતનો ઈતિહાસ

૧ નીચેનામાંથી કયા રાજવંશે શ્રીલંકા અને દક્ષિણ પૂર્વ એશિયા જીત્યા ?
(અ) પાંડ્ય (બ) ચાલુક્ય
(ક) ચોલ (ડ) રાષ્ટ્રકુટ

૨ સતી પ્રથાની ટીકા કરનાર મોગલ સમ્રાટ કોણ હતા?
(અ) બાબર (બ) હુમાયુ
(ક) જહાંગીર (ડ) અકબર

૩ દ્વિમુખી શાસન પદ્ધતિ કયા ગર્વનર જનરલે દાખલ કરી ?
(અ) લોર્ડ ક્લાઈવ (બ) લોર્ડ હેનીંગ
(ક) લોર્ડ વેલેસ્લી (ડ) લોર્ડ રીપન

૪ ભારતનું પાટનગર કોલકાત્તાથી દિલ્હી કયાં વર્ષમાં ખસેડવામાં આવ્યું ?
(અ) ૧૯૧૦ (બ) ૧૯૧૧
(ક) ૧૯૧૫ (ડ) ૧૯૨૦

૫ મુગલોની દરબારી ભાષા કરી હતી?
(અ) ઉર્દૂ (બ) અરબી
(ક) ફારસી (ડ) તૂર્કી

૬ નીચેનામાંથી કોણે ૧૮૫૭ના બળવામાં ભાગ લીધો ન હતો ?
(અ) નાના સાહેબ (બ) તાત્યાટોપે
(ક) રાણી લક્ષ્મીબાઈ (ડ) ટીપુ સુલ્તાન

૭ ગાંધીજી કયા લેખકના વિચારોથી પ્રભાવિત થઈ અહિંસાના પ્રબળ સમર્થક બન્યા ?
(અ) રસ્કીન (બ) ટોલ્સટોય
(ક) થોરો (ડ) માર્ક્સ

૮ મહાત્મા ગાંધીજીની ધરપકડ થયા પછી મીઠા સત્યાગ્રહનું નેતૃત્વ કોણે સંભાળ્યું હતું ?
(અ) વિનોબા ભાવેએ (બ) સરદાર પટેલ
(ક) અબ્બાસ તૈયબજી (ડ) અબ્દુલ કલામ આઝાદ

૯ મોગલ સામ્રાજયનો કયો બાદશાહ બે વાર ગાદીએ બેઠો?
(અ) અકબર (બ) હુમાયુ
(ક) જહાંગીર (ડ) બાબર

૧૦ કયા ગર્વનરે અલગ નિર્વાચન મંડળ દ્વારા મુસલમાનોને જીતવા અને કોંગ્રેસની વિરુદ્ધ કરવાની કાર્યવાહી કરી હતી?
(અ) લોર્ડ કર્ઝન (બ) લોર્ડ ડફરિન
(ક) લોર્ડ હાર્ડિંગ (ડ) લોર્ડ મેન્ટો

૧૧ નીચેનામાંથી કયા સ્થળે ધાર્મિક સ્નાનાગારોની પાસે બનાવેલી અગ્નિવેદીની હારમાળાઓ મળી આવી ?
(અ) મોહેન્જો દડો (બ) હડપ્પા
(ક) કાલીબંગા (ડ) લોથલ

૧૨ બંગાળના ગર્વનર જનરલ ભારતના ગવર્નર જનરલ કયા એક્ટ નીચે બન્યા ?
(અ) ચાર્ટર એક્ટ (બ) રેગ્યુલેટીંગ એક્ટ
(ક) ભારતીય પરિષદ એક્ટ (ડ) ભારત શાસક અધિનિયમ

૧૩ ૧૮૫૭ની ક્રાંતિ વખતે બ્રિટનના વડાપ્રધાન કોણ હતા ?
(અ) લોર્ડ પાર્મસ્ટન (બ) લોર્ડ રિપન
(ક) લોર્ડ ચર્ચિલ (ડ) લોર્ડ કર્ઝન

૧૪ ૧૮૫૭ના બળવામાં કાનપુર કેન્દ્રનું નેતૃત્વ કોણે લીધું હતું ?
(અ) કુંવરસિંહ (બ) તાત્યાટોપે
(ક) બહાદુરશાહ ઝફર (ડ) નાના સાહેબ

૧૫ દલિત વર્ગોનો સંઘ કોણે સ્થાપ્યો હતો ?
(અ) બાબા સાહેબ આંબેડકર (બ) જગજીવન રામે
(ક) કાજરોલ કટે (ડ) જયોતિબા ફૂલે

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટ**

- ૯ જુલાઈ :
  - આઝાદ ભારતની પહેલી પંચવર્ષીય યોજના વડાપ્રધાન જવાહરલાલ નહેરુની સરકાર દ્વારા રજૂ કરાઈ (૧૯૫૧)
  - દમદાર અભિનેતા સજીવકુમાર ઉર્ફે હરિહર જેઠાલાલ જરીવાલાનો જન્મદિવસ (૧૯૩૮)
  - અમેરિકન ફુટબોલર ઓ.જે. સિમ્પસનનો જન્મદિવસ (૧૯૪૭)
  - અમેરિકન બીઝનેશમેન અને પૂર્વ પ્રમુખ પેરોટનું ૮૯ વર્ષની ઉંમરે અવસાન થયું (૨૦૧૯)
- ૧૦ જુલાઈ :
  - બ્રિટનના વડાપ્રધાને મહમદ અલી ઝીણાને પાકિસ્તાનના પ્રથમ ગર્વનર જનરલ તરીકે નીમ્યા (૧૯૪૭)
  - ટેલિવિઝનના પ્રસારણ અને ટેલિફોન સેવા હેતુ માટેનો સેટેલાઈટ ટેલસ્ટાર-૧ લોન્ચ થયો (૧૯૬૨)
  - ભારતમાં તૈયાર કરવામાં આવેલ કમ્યુનિકેશન સેટેલાઈટ ઈન્સેટ-૨એ ને લોન્ચ કરવામાં આવ્યો (૧૯૯૨)
  - ઓટો મોબાઈલ ક્ષેત્રે મશહુર વોક્સવેગને ૧૯૩૮માં બનાવેલ પ્રથમ મોડલ બીટલનું ઉત્પાદન બંધ કર્યું (૨૦૧૯)
- ૧૧ જુલાઈ : વિશ્વ વસતિ દિવસ
  - રોબર્ટ ધ બ્રુસ કિંગ ઓફ સ્કોટલેન્ડનો જન્મદિવસ (૧૨૭૪)
  - મુંબઈમાં ટ્રેનમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ ધડાકા (૨૦૦૬)
  - સાહિત્યકાર બહેરામજી મલબારીનું અવસાન (૧૯૧૨)
  - ૧૯૭૨થી ૧૯૭૫ દરમિયાન ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન પદે રહેલા ગૌગ વ્હિટલેમનો જન્મદિવસ (૧૯૧૬)
- ૧૨ જુલાઈ :
  - જાણીતા ડચ માનવતાવાદી ડેશીડેરીયસ ઈરસમસનું અવસાન (૧૫૩૬)
  - મશહુર ઈટાલીયન પેઈન્ટર અને સ્કલચટર અમેડીયો મોડીગ્લેઈનીનો જન્મ દિવસ (૧૮૮૪)
  - ગાંધીજી જેમને ગુરુ માનતા હતા એવા હેન્રી ડેવિડ થોરોનો જન્મદિવસ (૧૮૧૭)
  - ઈસ્ટમેન કલર ફોટોગ્રાફીથી મશહુર થયેલ જયોર્જ ઈસ્ટમેનનો જન્મદિવસ (૧૮૫૪)
- ૧૩ જુલાઈ :
  - ફ્રેન્ચ ક્રાન્તિ દરમિયાન આગેવાન રહેલ જિન-પૌલ-મારટનું અવસાન (૧૭૯૩)
  - વ્યાયામવીર છોટુભાઈ પુરાણીનું અવસાન (૧૮૮૫)
  - મોડેલ અને અભિનેત્રી ઊર્વશી શર્માનો જન્મદિવસ (૧૯૮૪)
  - મશહૂર નાઈઝેરીયન સાહિત્યકાર વોલ સોયેન્કાનો જન્મદિવસ (૧૯૩૪)
- ૧૪ જુલાઈ :
  - સંગીતકાર મદનમોહન કોહલીનું અવસાન (૧૯૭૫)
  - મશહુર અમેરિકન સિંગર અને રાઈટર વુડી ગુથેરીનનો જન્મદિન (૧૯૧૨)
  - ફિલ્ડ મેડલ વિજેતા પ્રથમ ઈરાનિયન મહિલા ગણિતશાસ્ત્રી મારીયમ મિરઝાખાનનું ૪૦ વર્ષની વયે અવસાન (૨૦૧૭)
  - બ્રિટીશ પર્વતારોહક એડવર્ડ વ્હિમ્પર મેથરહોર્ન પર્વતારોહણ કરનાર પ્રથમ પર્વતારોહક બન્યા (૧૮૬૫)
- ૧૫ જુલાઈ :
  - નાસા દ્વારા છોડવામાં આવેલ મરિનર-૪ દ્વારા મંગળના ક્લોઝ-અપ પિકચર મોકલવામાં આવ્યા (૧૯૬૫)
  - ન્યુટીઓન પર સંશોધન કરનાર નોબેલ પારિતોષિક વિજેતા લિયોન મેકલ લેડરમેનનો જન્મદિવસ (૧૯૨૨)
  - મહાન દેશ ભક્ત સન્નારી શ્રીમતી દુર્ગાભાઈ દેશમુખનો જન્મદિવસ (૧૯૦૯)
  - જવાહરલાલ નહેરુને 'ભારત રત્ન'નો ખિતાબ અપાયો. (૧૯૫૫)

### ગયા સપ્તાહના સવાલનો જવાબ

સુરતના કયા સેવભાવી ઉદ્યોગપતિ આમ આદમી પાર્ટીમાં જોડાયા?

જવાબ : મહેશ સવાણી

### સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) મુકુંદ પટેલ : સે-૪ડી (૨) શિવાંગ પટેલ : સરગાસણ (૩) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૪) રૂજિત રાવલ : સે-૭ડી (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭
(૭) આકાશ જી પટેલ : સે-૨૩ (૮) પરમાર હેમંત : સે-૨૫ (૯) પ્રજાપતિ નિરવ ડી : સે-૨૨

### આ સપ્તાહનો સવાલ

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી તરીકે તાજેતરમાં કોણે કાર્યભાર સંભાળ્યો?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

# ખોટું હોય તો કહો

**હળવે હૈયે**

પ્રકાશ લાલા

## ઉપરવાળાની મહેરબાની...!! / આટલું બધું કહીએ છીએ તોય?

અમારા એક મિત્રને જયારે પણ પૂછું કે 'ભાઈ, કેમ ચાલે છે?' 'બસ, ઉપરવાળાની મહેરબાની છે....' એમનો દર વખતે આ જ ઉત્તર હોય... આમ જોઈએ તો મિત્રનો જવાબ સાચો જ છે ને? એ જ નહીં આપણે સૌ ઉપરવાળા કહેતાં જગત નિયંતા પરમેશ્વરની કૃપા મહેરબાનીથી જ સુખ - શાંતિથી જીવી રહ્યા હોઈએ છીએ... પણ પછી મોડા મોડા ખબર પડી કે ફલેટના ગ્રાઉન્ડ ફ્લોર પર રહેતા અમારા આ મિત્ર એમની ઉપર રહેતા 'ઉપરવાળાની મહેરબાની' ની વાત કરતા હોય છે. આ ઉપરવાળા અને એમનાં કચ્ચાં-બચ્ચાં આખો દિવસ ઉપર ધબાધબી - દોડાદોડી વસ્તુઓની ઘસડમઘસડી જેવી ધમાચકડી નહીં કરીને, મોડી રાત સુધી હોહા - ઘોંઘાટ - સાઉન્ડ મ્યુઝિક કે ટી.વી. ને પાર્ટીઓ નહીં કરીને કે ઉપરથી છૂટા હાથે કચરો, એંઢવાડ, પાણીનો વરસાદ નીચે મિત્રના કંપાઉન્ડમાં નહીં વરસાવીને હેરાન કર્યા વગર, શાંતિથી જીવવા દે છે... અને ખાસ વાત તો એમના સારા સ્વભાવના 'ઉપરવાળા' વાર-તહેવારો તેમને ત્યાં બનાયેલી કે બહારથી લાવેલી નવી નવી વાનગી - વ્યંજનો ચાખવા - ખાવા ઢાંકી જાય છે... હવે કહો જોઈએ કે અમારા એ મિત્ર 'કેમ ચાલે છે?' સવાલના જવાબમાં 'બસ, ઉપરવાળાની મહેરબાની છે...' કહેતા હોય છે એ બરાબર જ છે ને? બસ, આપણને બધાંનેય આપણી ઉપર, આસપાસ, આગળ-પાછળ આવી 'મહેરબાની' કરનારા - રાખનારા પાડોશીઓ મળે ને ફળે એવી સાચે સાચા 'ઉપરવાળા' યાને કે સર્વોપરી ઈશ્વરને પ્રાર્થના...!!

●●●

'બાબા... ચીન્ટુ બેટા, કહે જોઈ, નવ ચોક કેટલા થાય ?' મમ્મીએ પોતાના બીજા ધોરણમાં ભણતા દીકરાને પૂછ્યું... 'અ.... અ.... નવ ચોગ અં... ચોત્રીસ!' 'વાહ... વેરી ગુડ... ' દીકરાનો જવાબ સાંભળીને મમ્મીજી તાળી પાડી ખુશ થતાં બોલ્યા.... ત્યાં - એમના ઘરે ઉપસ્થિત અમને આશ્ચર્ય થયું ને ભારે આઘાત પણ અનુભવ્યો કે એમનો ચીન્ટુ બેટાનું તો ઠીક પણ એની મમ્મીનું ય સાવ પ્રાથમિક ગણિતનું જ્ઞાન આવું! 'અરે, ચીન્ટુનો જવાબ ખોટો છે. નવ ચોગ છત્રીસ થાય... એ ૩૪ કહે છે ને તમે....' અમને વચ્ચે જ અટકાવી ઉત્સાહી મમ્મી બોલી ઊઠ્યાં : 'અંકલ, મને ખબર છે કે ચીન્ટુ નો આન્સર રોંગ છે... પણ હું તો એના પ્રોગ્રેસ પર રાજી થાઉં છું... ગઈકાલ સુધી એ નવ ચોગ ૩૨ જ કહેતો હતો... એ ધીરે ધીરે રાઈટ આન્સર તરફ પ્રોગ્રેસ કહી રહ્યો જ કહેવાય ને?'

'હેં ?' 'ને હા, હું ગઈકાલે જ 'સાચો બાલ ઉછેર' નો પરિસંવાદ સાંભળવા ગઈ હતી. ત્યાં પણ કહેવાયેલું કે બાળકને પ્રોત્સાહિત કરો.... એને થોડી ના પાડો, નિરુત્સાહ ના કરી દો એટલે જ હું....'

ધન્ય છે આ મમ્મીજીની હકારાત્મકતા - પોઝિટિવિટીને... ને એમના ચીન્ટુના પ્રોગ્રેસને...!!

●●●

'આટલું બધું કહીએ છીએ તોય?'

'સર, સીતાપુર ગામનું પ્રતિનિધિમંડળ આપને મળવા આવ્યું છે...'

'એપોઈન્ટમેન્ટ વગર ? ઠીક છે બોલાવો અંદર... આવો, આવો.... મજામાં છો સૌ ? બોલો, કેમ ધક્કો ખાધો? આપની શું સેવા કરી શકું ?'

'સાહેબ, અમારા ગામાં પીવાનું પાણી નથી એની ફરિયાદ લઈને આવ્યા છીએ.... કંઈક કરો, સાહેબ...'

'તે તમે એમ માનો છો કો અમે કંઈ નથી કરતા, હેં ? જુઓ, દરેક ગામમાં પેયજળની શું પરિસ્થિતિ છે તે હું અહીં બેઠાં, મારાં ટેબલ ઉપર જોઈ શકું એવો ખાસ કોમ્પ્યુટર પ્રોગ્રામ અને સિસ્ટમ અમે બનાવ્યો જ છે. એ ઉપરાંત રાજયનાં દરેક ગામને શુદ્ધ પીવાનું પાણી ઉપલબ્ધ થાય એ જોવા એક ઉચ્ચ સ્તરીય સમિતિ પણ બનાવી છે. એની બીજી બેઠક આવતા સપ્તાહે જ મળવાની છે, સમજ્યા ?'

'પણ સાહેબ...' 'અરે સાંભળો.... તમારું ગામ.... સીતાપુરને.... યસ, સીતાપુરને ઈ-ગ્રામ અમે જાહેર કરી દીધું છે... હવે તમને ઘેર બેઠા સાત બારના ઉતારા વગેરે ઝડપથી મળી જતા હશે, ખરું ને?'

'હા, પણ સાહેબ, અમે તરસે મરીએ છીએ એનું શું ?'

'શું ? હજી તમને અહીં કોઈએ પાણી પણ પીવા નથી આપ્યું ? અરે સેક્રેટરી, આ ગ્રામજનોને પાણી આપો, ચા-નાસ્તાની વ્યવસ્થા કરો...' 'સાહેબ... સાહેબ, એમ નહીં... અહીં તરસે મર્યાની વાત નથી... ગામમાં પીવાનું પાણી નથી આવતું એ સમસ્યાની વાત છે. એ માટે જલ્દીથી કંઈક કરો, સાહેબ....'

'તમે લોકો પેપર નથી વાંચતા ? અમે અમારી અખબારી યાદીમાં જાહેર કર્યું જ છે ને કે ઘરે ઘરે 'નલ સે જલ' ની યોજનાનો ઝડપભેર અમલ થાય તે માટે કટિબદ્ધ છીએ...'

'જી.... સાહેબ... એ વાંચીએ - જોઈએ છીએ... પણ અમે ગામડાના લોકો પાણી વિના મરી રહ્યા છીએ તે એવું કંઈક કરો... સાહેબ, તમે જ અમારો આધાર છો... કંઈક કરો!'

'અલ્યા, ક્યારનો તમારા માટે કેટલું કામ થઈ રહ્યું છે એ ગણાવી રહ્યો છું ને તમે હજી 'કંઈક કરો, કંઈક કરો' કહ્યા કરો છો.. ખરા છો!'

'સાહેબ, એટલું કહો કે રોડ પરના બોર્ડ અને ટી.વી.માં દરેક ગામને શુદ્ધ પેય જળનો નિર્ધાર' જોઈએ છીએ તે એ બોર્ડ પર ચીતરેલા ને ટી.વી.માં બતાવતા નળમાંથી પડતા પાણીથી અમારાં માટલાં તરસે અમારા જીવ જતા રહે એ પહેલાં ભરાશે ખરાં ને?'

'હેં ?'